# જ્ઞાનવૈભવધારી
# સાતિશય શ્રુતજ્ઞાનના ધણી
# ભાવિ તીર્થાધિનાથના
# ભેટા કરાવનાર ચૈતન્યરત્ન
# પ્રશમમૂર્તિ ધન્યાવતાર
# પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના
# ૧૦૨મા મંગલકારી
# જન્મજયંતી મહોત્સવ પ્રસંગે
# શત શત વંદન



(પૂજ્ય) બહેનશ્રી ગણધરનો જીવ છે. એટલે એ ભવિષ્યમાં બાર અંગ રચવાના છે. બહેનશ્રીની બહુ સૂક્ષ્મ નજર હતી. વર્તમાન સમાજને ખરેખર શું જરૂર છે ? એ એમને બહુ જ્ઞાનમાં આવ્યું છે. એમના વચનામૃત બહાર પડ્યા ત્યારે ગુરુદેવ ફિદા થઈ ગયા, આફરીન થઈ ગયા ! એક-એક બોલમાં એકલું અધ્યાત્મનું અમૃત જ છે એમ કહીએ તો ચાલે. ભાવનાનો વિષય સ્થાપીને તો એમણે નિવેડો લાવી દીધો છે. મુમુક્ષુઓને તો એક રત્ન જ હાથમાં આવી ગયું, એમ કહીએ તો ચાલે.

પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત-૨૫૪૧ : અંક-૨૧૪, વર્ષ-૨૦, ઓગસ્ટ-૨૦૧૫


## જેઠ વદ ૪, મંગળવાર, તા.૭-૬-૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, પ્રવચન-૨, ગાથા-૪ થી ૬

હવે એની સામે ગુલાંટ ખાય છે, જુઓ! મિથ્યાદર્શનથી મોહેલો ચોરાશીમાં રખડે છે. સમજાય છે કાંઈ? અંતિમ ગ્રૈવેયક, નવમી ગ્રૈવેયકે (ગયો). 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' નવમી ગ્રૈવેયકે દિગંબર સાધુ, પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ પાળે. ઈ મૂઢ જીવ છે. અઠ્યાવીસ મૂળગુણ એ રાગ છે. એમાં હિત માને છે. મિથ્યાશ્રદ્ધાથી મોહેલો પ્રાણી મૂઢ છે. એને આત્માના જ્ઞાન અને આનંદની ખબર નથી. એવા એ પાળવાથી મરીને ચાર ગતિમાં રખડવાના, એમ કહે છે. સમજાણું કાંઈ? એની સામે હવે વાત છે, લ્યો!

દુઃખનું કારણ મિથ્યાદર્શન કહ્યું. એમાં જરીયે સુખ નથી. એમાં મિથ્યાશ્રદ્ધામાં ક્યાંથી (હોય)? પણ લોકો મિથ્યાશ્રદ્ધાની વ્યાખ્યા જ ટૂંકી કરે. સમજાય છે? આપણે દેવ-ગુરુ-ધર્મને માનીએ છીએ. કુદેવ-કુગુરુને માનતા નથી. આપણે પંચ મહાવ્રત પાળીએ. પણ એ પંચ મહાવ્રત રાગ છે, એ મારા (છે), એ પાળું ને રાખવા જેવા છે એ ભાવને જ મિથ્યાદર્શન કહ્યો છે. સાંભળને! એ જીવને મિથ્યાદૃષ્ટિ કહ્યો છે, ઈ અજ્ઞાની છે. ભલે દિગંબર સાધુ ત્યાગી થઈને બેઠો હોય પણ એના પંચ મહાવ્રતના.. છે તો ક્યાં એની પાસે? પણ એવા કોઈ દયા, દાન, રાગની મંદતાના ભાવ એ મને હિતકર છે, મને લાભદાયક છે, એ મિથ્યાદર્શનથી મોહેલા છે. જેને મિથ્યાદર્શનના ઝેર ચડ્યા છે. સમજાણું કાંઈ? એને જરીયે આત્માના અમૃતનો સ્વાદ હોતો નથી.

**'મોક્ષસુખનું કારણ આત્મધ્યાન છે.'** જુઓ! એ કહ્યું. વહેવાર-બહેવાર નહિ, એમ કહે છે, જુઓ!

**जई वीहउ चउगइगमणु तउ परभाव चएवि।**
**अप्पा झायहि णिम्मलउ जिम सिवसुक्ख लहेवि।।५।।**

ઓ..હો..હો...! સંસારમાં પરિભ્રમણ કરવાનું કારણ એક મિથ્યાદર્શનભાવ કહ્યો. ત્યારે મુક્તિના ઉપાય માટે એક આત્મધ્યાન કહ્યું. વાત ગુલાંટ ખાય છે. સમજાણું કાંઈ? એ શુભ-અશુભ વિકલ્પો, રાગ એ બહિર્ ચીજ સ્વરૂપમાં નથી. એને હિતકર માનવું એ જ મિથ્યાદર્શન અને મોહ (છે). મિથ્યાદર્શનમાં મોહેલો જીવ છે. જ્યારે આત્માના મોક્ષનું કારણ, આત્માના ધર્મનું કારણ કોણ? કે, **'जो चारों गतिओं के भ्रमण से भयभीत है...'** ફરીને લીધું. ચાર ગતિ... પહેલા સમુચ્ચય વાત હતી. પેલી ભાષામાં સમુચ્ચય હતી, આ ચાર ગતિ ખુલ્લી પાડી. સમજાણું કાંઈ? એટલું હતું ઈ, સમુચ્ચય હતું.

અહીં ચાર ગતિનો ભય (કહીને) ખુલ્લું કરી નાખ્યું. જેને સ્વર્ગમાં અવતરવું, આ દયા, દાન, વ્રત, ભક્તિ

પાળીને એ પણ દુઃખરૂપ છે. ચાર ગતિમાં સ્વર્ગમાં અવતરવું એ દુઃખરૂપ છે. કેટલાક કહે કે, ભઈ! આપણે અત્યારે પુણ્ય કરો, વ્રત પાળો, સ્વર્ગમાં જાશું પછી ભગવાન પાસે જાશું. ધૂળમાંય નહિ જા. અહીંયાં અત્યારે તો આત્માનો અનાદર કરતો જાય છે. ભગવાનનું ના પાડે છે. ભગવાને કહ્યું, તારો આત્મા અંદર આનંદ છે. આ ક્રિયાકાંડમાં દયા, દાન, વ્રતના પરિણામથી તને આત્માનું હિત નથી. એમ ભગવાને કહ્યું એ તો અહીં માનતો નથી. સમજાણું કાંઈ? એમ જેને ચાર ગતિના દુઃખનો ત્રાસ, ભય છે, ભય. આહાહા..!

**'ચારોં ગતિઓં કે ભ્રમણસે ભયભીત હૈ...'** સમજાણું? ઓલી એક વાત આવે છે, ઓલા બળદની. એક બળદ હતો ને પછી એને ખાસી કરવા લુહારને ન્યાં લઈ ગયેલા. હેં? દુઃખ તો બહુ થાય. એમાં બળદ ખોવાણો. એટલે ગોતવા લુહારને ત્યાં આવ્યા. (ત્યાં જઈને પૂછે છે), અહીં નથી? (લુહાર કહે છે), પણ અહીં ન આવે. તું ક્યાં ગોતવા આવ્યો? કો'કના કોઈ ખેતરમાં જોવા જા તો બરાબર છે. અહીં કાપવા આવ્યો હતો ત્યાં ફરીને આવે? ખાસી કરે છે કે નહિ? ટાંગા બાંધ્યા હોય, લોઢાથી આમ કરીને ખાસી (કરે). એમાં આઠ દિ', પંદર દિ' બળદ ખોવાઈ ગયો. અહીં આવ્યો છે? પણ અહીં ન આવે. અહીં તો ખાસી કરે (ત્યાં) આવતો હશે? એમ ચોરાશીની ગતિમાં જેને ત્રાસ (લાગ્યો) છે, એ ફરીને ગતિમાં નથી અવતરવું એને માટે આ વાત કરીએ છીએ, કહે છે. સમજાય છે કાંઈ? શું કરવું ત્યારે?



**'ભયભીત હુઆ હો તો પરભાવોં કો છોડ દે.'** એક સિદ્ધાંત, બહુ ટૂંકો, ઘણો ટૂંકો. ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ, એ પુણ્ય ને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિ, તપ ને જપ એ બધો રાગ પરભાવ છે, પરભાવ છે. છોડ શ્રદ્ધામાંથી એને. અહીંથી વાત ઉપાડી છે. સમજાણું કાંઈ? ચાર ગતિથી જો ભય પામ્યો હો (તો) **'પરભાવોં કો છોડ દે.'** બહુ ટૂંકી વાત. અહીં એનો અર્થ કે, જે લોકો એમ કહે છે ને કે, ભઈ! વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય પમાશે. અહીં કહે છે કે, જે વ્યવહાર છે એ પરભાવ છે એને છોડ તો આત્મા પમાશે. આહાહા..! સમજાણું કાંઈ? બધા પોકાર ઈ જ કરે છે. વ્યવહાર કરો, વ્યવહાર કરો, ભઈ! પહેલા વ્યવહાર કરો, દયા પાળો, સંયમ પાળો, ઈન્દ્રિયદમન કરો. ધૂળમાંય તારા પાળવા રાગ છે, સાંભળને!

મુમુક્ષુ : વિભાવની બરાબર સંભાળ રાખો.

ઉત્તર : હા, સંભાળ રાખો. વિભાવની સંભાળ રાખો, (એમ) એનો અર્થ થયો કે નહિ? સમજાણું કે નહિ? એ કાલે પણ ઓલો આવ્યો હતો, ભાઈ! 'જયપુર'વાળો. ઈ કહેતો હતો કે, હવે ગડબડ તો બહાર ચાલી છે. એ અમારે સ્થાનકવાસીમાં મોટો વિદ્વાન છે'ગતિ..' કેવા? એ આ 'આત્મધર્મ' વાંચે. સ્થાનકવાસીમાં મોટામાં મોટો પંડિત છે, ઈ આ વાંચે છે કે, નિશ્ચય વિના વ્યવહાર-ફ્યવહાર હોય નહિ. આખા સાધુ બધા અત્યારે એમ કહે છે. હવે નિશ્ચયની વાતું કરવા માંડ્યા છે. નિશ્ચયથી મુક્તિ થાય એ વાત સાચી, પણ વ્યવહાર વિના થાય નહિ એ વાતેય સાચી. એટલે પરભાવનો અભાવ કરવો એમ નહિ. સમજાય છે કાંઈ? વ્યવહાર એટલે પરભાવ. વ્યવહારનો અર્થ દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપનો વિકલ્પ ઊઠે તે બધો પરભાવ (છે). એ વ્યવહાર

એટલે પરભાવ, એ પરભાવ વિના ચાલે નહિ, નિશ્ચય એના વિના થાય નહિ. (આમ માનનારા) મૂઢ છે. અહીં તો પહેલેથી જ કહ્યું છે, જુઓ! શું કહે છે? આહાહા..!

**'परभाव चहवि'** **'चहवि'** નામ છોડી દે. તારી દૃષ્ટિમાં એ મિથ્યાત્વભાવ પડ્યો છે. આ પરભાવ હોય, કાંઈક કાંઈક રાગની મંદતા હોય, છકાયની મંદતા હોય તો આપણે.... ઈ કહેતો હતો, અશુભમાંથી શુભ અને શુભમાંથી શુદ્ધ (થઈએ). વાતું તો ચાલવા માંડી છે, (એમ ઈ) કહે. ધૂળમાંય નહિ થાય. શુભને છોડ તો લાભ થાય. શુભમાંથી શુદ્ધતા થાય એમ નહિ. સમજાણું કાંઈ? શું કહ્યું ઈ? જુઓ! વાંચો.

**'जई वीहउ चउगइगमणु तउ परभाव चएवि'** પરભાવની વ્યાખ્યા શું? જેટલો ભગવાનઆત્મા જ્ઞાતા-દૃષ્ટાનો ભંડાર (છે) એનાથી (વિપરીત) જેટલો એક તીર્થંકરગોત્ર જે ભાવથી બાંધે (એ) પરભાવ, પરભાવ, પરભાવ (છે). સમજાય છે કાંઈ? જો તને ચાર ગતિના દુઃખનો ભય લાગ્યો હોય તો પરભાવ છોડ. **'परभाव चहवि'** છાંડી દે પરભાવ. ઈ પરભાવ માને તો ને! સાવદ્યયોગ પચ્ચખાણ, વળી એમ કહેતો હતો. સાવદ્યયોગના પચ્ચખાણ થાય છે. સાંભળને! શુભભાવના પચ્ચખાણ એ વખતે છૂટતા નથી માટે આમ કરે છે. દૃષ્ટિમાં તો બધા ભાવનો નિષેધ છે. સમજાણું કાંઈ? સાવદ્યયોગના પચ્ચખાણમાં અશુભ છૂટી જાય છે અને શુભ દૃષ્ટિમાંથી છૂટે છે પણ અસ્થિરતાથી છૂટતું નથી એટલો સાવદ્યયોગનો ત્યાગ કરે છે. દૃષ્ટિમાંથી તો બધા પાપ અને પુણ્ય પરિણામનો ત્યાગ છે. અસ્થિરતાના છૂટતા નથી એટલે સાવદ્યયોગનો આ પ્રકારે ત્યાગ કરવામાં આવે છે. 'કર્મે હણં તે' સામાયિક, સાવદ્યયોગ ને પચ્ચખાણ. એને એક પત્ર આપ્યો હતો ને? એક કાગળ આપ્યો હતો. સામાયિક'મહાવીર'ની સામાયિક એનો અમે બહુ પ્રચાર કરીએ છીએ. કીધું, 'મહાવીર'ની સામાયિકને ઓળખવી પડશે. સામાયિક કોને કહેવી? આ બેઠો આમ કરીને, ણમો અરિહંતાણં (બોલે) એ સામાયિક? મિથ્યાદર્શન મોટું શલ્ય તો અંદર પડ્યું છે.

મુમુક્ષુ : બોલે છે ...

ઉત્તર : બોલે એમાં શું? રાગ મને લાભદાયક, એ શરીર મને છે. એનો અર્થ એ થયો. રાગ મને લાભદાયક (એમ માનનારો) એ શરીરને જીવ માને છે. સમજાણું કાંઈ? એક કહેતો હતો, શરીર અને જીવ જુદાં (છે). અરે...! શરીર અને જીવ જુદાનો અર્થ શરીર, કર્મ, રાગ, પુણ્ય-પાપ એ બધું શરીર છે. ભગવાનઆત્મા એ તો ચિદાનંદ જ્ઞાતાસ્વરૂપ છે. રાગના કણને પણ પોતાનો માને તે બહિર્આત્મા, શરીરને જ આત્મા માને છે. સમજાણું? કેમકે રાગનું લક્ષ જશે શરીરની ક્રિયા ઉપર અને એ ક્રિયા થાશે એને માનશે કે આની ક્રિયા કરી શકું છું.

**'परभाव चहवि'** કહે છે, જો તને ચાર ગતિનો ડર લાગ્યો હોય (તો) પરભાવ છોડ. જુઓ! પહેલી ત્યાગની વાત કરી. આ ત્યાગ. શેનો ત્યાગ? એ શુભ-અશુભભાવનો ત્યાગ. ઘરબાર કે દિ' ગરી ગયા હતા તો ત્યાગ કરે? ઘરબાર તો એને ઘરે બહાર જ પડ્યા છે. અહીં ક્યાં અંદરમાં ગરી ગયા છે? આ (ગતિ) હતી એની પર્યાયમાં એની વાત કરે છે. એની પર્યાયમાં પર્યાયપણે પકડેલો પરભાવ, એને દ્રવ્યદૃષ્ટિએ તું છોડ. આહાહા..! સમજાણું કાંઈ? ઈ કહેશે, જુઓ! છોડીને પછી કરવું શું? અહીં તો હજી પરભાવને છોડીને આખી લાંબી વ્યાખ્યા છે. વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ પણ પરભાવ છે. સમજાણું કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પરભાવ છે. છોડ! એ ગતિનું કારણ છે, મોક્ષનું કારણ નથી.

**'अप्पा झायहि णिम्मलउ'** હવે ત્યારે કરવું શું? ઈ તો નાસ્તિ થઈ. **'निर्मल आत्माका ध्यान कर...'** લ્યો! આ મોક્ષનો માર્ગ. ભગવાનઆત્મા નિર્મળ... નિર્મળ કેમ લીધો? કે, ઓલો અશુદ્ધ પર્યાય મલિન દેખાય છે ને? એ અશુદ્ધતાને છોડ, એમ કીધું. અશુદ્ધ જે વિકારી પર્યાય છે, પુણ્ય આદિ, એ તો છોડવા લાયક છે. ત્યારે હવે (કહે છે), આત્માનું ધ્યાન (કર). પણ આત્મા કેવો સમજ્યા વિના ધ્યાન કોનું કરશે? સમજાય છે કાંઈ? અનાદિઅનંત સચ્ચિદાનંદ સ્વસત્તાએ બિરાજમાન પૂર્ણાનંદનો નાથ

કેવળજ્ઞાન સત્તાથી ભરેલું તત્ત્વ છે. એકલું કેવળજ્ઞાનથી ભરેલું તત્ત્વ છે. એવા ભગવાનઆત્માને, જેમાં અનંતા નિર્મળ ગુણો પડ્યા છે, નિર્મળ ગુણો પડ્યા છે. મલિનતાનો ત્યાગ, નિર્મળ ગુણોથી ભરેલો ભગવાન, એનું ધ્યાન એની પર્યાયમાં કર, એમ કહે છે.

'**अप्पा**' એ વસ્તુ છે. '**अप्पा**' એ વસ્તુ છે નિર્મળ આત્મા. ધ્યાન કર, એ પર્યાય છે. શું કીધું? એ મોક્ષના સુખનો ઉપાય, એ મોક્ષનો માર્ગ. આત્મા અખંડાનંદ જ્ઞાનમૂર્તિ, આ એનું ધ્યાન કરવું તે મોક્ષનો માર્ગ છે. ધ્યાનમાં દર્શન, જ્ઞાન ને ચારિત્ર ત્રણે આવી ગયા. પોતાની સત્તા શુદ્ધ સત્તાવાળો પદાર્થ, અશુદ્ધ મલિનતાનો જ્યાં ત્યાગ (થયો) ત્યાં શુદ્ધ સત્તાને આદરવું. એ શુદ્ધ સત્તાનો આદર કરવો, ધ્યાન કરવું એનું નામ મોક્ષનો માર્ગ છે. હવે આમાં વ્યવહાર રત્નત્રય મોક્ષનો માર્ગ, એનો નિષેધ થઈ જાય છે. અરે...! પણ શાસ્ત્રમાં મોક્ષના માર્ગ બે કહ્યા છે. મોક્ષના માર્ગ બે નિશ્ચય અને એક વ્યવહાર. અરે...! હાલ.. હાલ...! મોક્ષમાર્ગ બે કેવા? માર્ગ તો એક જ છે. આત્માનું ધ્યાન કરવું એ એક જ મોક્ષનો માર્ગ છે.

ભગવાનઆત્મા શુદ્ધ સહજાનંદની મૂર્તિ, તેમાં સાવધાનપણે શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિમાં એને આશ્રય બનાવવો એ એક જ મુક્તિનો માર્ગ છે. સંવર, નિર્જરાનો માર્ગ આ એક જ આત્મા તરફનું ધ્યાન તે સંવર, નિર્જરાનો માર્ગ છે. સમજાણું કાંઈ? ભાઈ પાંચ હાથ બહારમાં બાધા લીધી, લ્યો! પણ ધૂળમાં બાધા શું કામની તારી? બાધા અંદરમાં હાથ જોડ કે, પુણ્ય-પાપના બેય વિકલ્પો છોડવા જેવા છે. નિર્વિકલ્પ આત્માનું ધ્યાન તે આદરવા જેવું છે. એણે ખરા પ્રત્યાખ્યાન ને પચ્ચખાણ કર્યા. બાકી તો અજ્ઞાનના પચ્ચખાણ છે. સમજાણું આમાં? જુઓ!

'**अप्पा झायहि**' બહુ ટૂંકામાં વાત (કરી છે). આત્મા, એને ઓળખ. આત્મા એટલે પુણ્ય-પાપ વિનાનો, એક સમયની પર્યાય જેવડો નહિ. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, જેના અંતર્મુખના અવલોકે સંસાર(ની) ક્યાંય ગંધ રહેતી નથી. એવા આત્માનું નિર્મળ.. પાછું તે નિર્મળ. નિર્મળ છે ને? ઓલી મલિન પર્યાયને છોડવાનું કીધું. નિર્મળ આત્મા ત્રિકાળી, એનું ધ્યાન કર. લ્યો! આ મોક્ષનો માર્ગ. આમાં સામાયિક ને પોષા ને પડિકમ્મણા ને એ કે દિ', ક્યાં આવશે?

મુમુક્ષુ : ધ્યાનનો પર્યાય જ સામાયિક છે.


ઉત્તર : એ સામાયિક છે. આત્મા અખંડાનંદ પ્રભુ, એની સામું જોઈને એકાગ્ર થવું એનું નામ સામાયિક છે. એનું નામ પૌષધ છે, એનું નામ પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન છે, એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**णिम्मलउ अप्पा झायहि**' '**નિર્મળ આત્માનું ધ્યાન કર...**' ભગવાન બિરાજે છે ને! કહે છે. પૂર્ણાનંદનો નાથ, એની દૃષ્ટિ કર, એનું જ્ઞાન કર અને એમાં સ્થિર (થા). એ ત્રણેને અહીંયાં ધ્યાનમાં સમાડી દીધું છે. એ મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ. આ શબ્દ 'તત્ત્વાર્થસૂત્ર'નો છે. એ ત્રણને અહીં ધ્યાનમાં સમાડી દીધા. આહાહા..! અને ત્રણેને આત્મા શુદ્ધ પવિત્ર, એના તરફનો ઝોંક, શ્રદ્ધા-જ્ઞાન ને શાંતિ (થયા) એને અહીંયાં ધ્યાન કહે છે. એ નિર્મળ આત્માનું ધ્યાન તે જ મોક્ષનો માર્ગ અથવા મોક્ષસુખનું કારણ છે, એ પૂર્ણ સુખનું કારણ છે. સમજાણું કાંઈ?

બીજી રીતે કહીએ અહીંયાં, જે ઓલો શુભભાવ આદિ હતો ને? એ આત્મધ્યાન નહોતું, એ પરધ્યાન હતું. સમજાય છે? સાધુના અઠ્યાવીસ મૂળગુણ એ પરભાવ, પરધ્યાન (છે), આ આત્મધ્યાન નહિ. એ પરધ્યાન હતું, પરભાવનું ધ્યાન હતું. ભારે વાતું, ભાઈ! ભગવાનઆત્મા, પોતાના શુદ્ધ નિર્મળ સ્વભાવને, અંતર્મુખની દૃષ્ટિ કરીને સ્થિરતા-ધ્યાન કરે. એક જ આત્માના પૂર્ણ આનંદરૂપી મોક્ષસુખ, એનો આ એક જ ઉપાય છે. જુઓ! આમાં બે મોક્ષમાર્ગ છે એમ છે નહિ. આ આત્માનું ધ્યાન એ એક જ મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ?

એ તો હજી આગળ આવશે. અહીં તો પહેલેથી સિદ્ધ કરતું જાય છે.

**શેષ આવતા અંકમાં...**



**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ-૨૯૩ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા.૮-૭-૧૯૮૩, પ્રવચન નં.૧૩૮ (વિષય : વિધિ)**

**પ્રશ્ન :- જ્ઞાની સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થાય છે અને સમ્યક્ સન્મુખ જીવ પણ સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થાયછે. તે બન્નેની વિધિનો પ્રકાર એક જ છે કે કાંઈ ફેર છે ?**

**ઉત્તર :- જ્ઞાની સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થાય છે તેને આત્માનું લક્ષ તો થયું છે આત્મા લક્ષમાં છે અને તેમાં એકાગ્રતાનો વિશેષ પુરુષાર્થ કરતાં વિકલ્પ છૂટી નિર્વિકલ્પ થાય છે. સ્વસન્મુખ જીવને તો હજુ આત્માનું લક્ષ થયું નથી. આત્મા પ્રત્યક્ષ લક્ષમાં આવ્યો નથી. પણ જ્ઞાનમાં ઓઘે-ઓઘે (ધારણાથી) જાણ્યો છે. પ્રત્યક્ષ થયો નથી. વિકલ્પથી આત્માનું લક્ષ ઓઘે-ઓઘે થયું છેતેને અંદર પુરુષાર્થ ઉગ્ર થતાં સવિકલ્પતા છૂટીને નિર્વિકલ્પતા થાય છે. (એ રીતે નિર્વિકલ્પ થવાની વિધિનો પ્રકાર એક હોવા છતાં જ્ઞાનીએ વેદનથી આત્મા જાણ્યો છે અને સ્વસન્મુખવાળાએ પરોક્ષ આનંદના વેદન વિના આત્માને જાણ્યો છે.) ૨૯૩.**

૨૯૩. પ્રશ્ન છે. આ બે-ત્રણ પ્રશ્નો છે ૯૨, ૯૩, ૯૪ એ બધા સવિકલ્પ અને નિર્વિકલ્પતાના વિષય ઉપર છે. '**જ્ઞાની સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થાય છે...**' આમ તો જાણવાના વિષય છે. અધ્યાત્મના પરિણામના પ્રશ્નો છે એટલે રસ પડે, પણ આમ જાણવાનો વિષય છે. પરિણામનો વિષય છે ને? '**જ્ઞાની સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થાય છે અને સમ્યક્ સન્મુખ જીવ પણ...**' એટલે મિથ્યાદષ્ટિ છે. એક સમ્યગ્દષ્ટિ છે એને નિર્વિકલ્પ દશા ફરીને શુદ્ધોપયોગ ઉત્પન્ન થાય છે, અનેકવાર થાય છે, વારંવાર થાય છે. તો એ સવિકલ્પમાંથી નિર્વિકલ્પ દશામાં આવે છે, સ્થિર ઉપયોગમાં આવે છે. અને અનાદિનો મિથ્યાદષ્ટિ સમ્યક્ સન્મુખ થઈને એ જીવ પણ સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થાય છે. તો એ બંનેની વિધિનો પ્રકાર એક જ છે કે કાંઈ ફેર છે? આમ પ્રશ્ન કાઢ્યો છે. પૂછ્યું તો ખરું ને એમ. વિધિમાં કાંઈ ફેર હોતો નથી.

પ્રથમ શુદ્ધોપયોગ થાય, પછી તેના તે ગુણસ્થાને ફરીને શુદ્ધોપયોગ થાય, ચોથા ગુણસ્થાને, લાંબા અંતરાળે, પછી પાંચમા ગુણસ્થાને એથી ટૂંકા અંતરાળથી શુદ્ધોપયોગ થાય, ત્યારપછી મુનિદશામાં ક્ષણે ક્ષણે શુદ્ધોપયોગ થાય. એમાં ક્યાંય રીત બદલાતી નથી. જે વિધિએ સ્વકાર્ય થાય છે તે એક જ વિધિએ ત્રણે કાળે સર્વ જીવોને, સર્વ સાધકોને એક જ પ્રકારે થાય છે. કોઈ કાળે એમાં ફેરફાર થતો નથી. કાળ અનુસાર મોક્ષનો માર્ગ બદલાતો નથી. ત્રણે કાળે એક જ છે. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.'

ઉત્તર :- કહે છે કે '**જ્ઞાની...**' હવે બે વચ્ચેનો ફરક શું છે તો? કેમકે બેની દશા જુદી છે ને? એક મિથ્યાદષ્ટિ છે એ પુરુષાર્થ કરીને અનુભવમાં આવે છે. એક એવા

તબક્કામાં છે કે જ્યાં એને હજી સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન વર્તતું નથી. અને એક એવો જીવ છે જે શુદ્ધોપયોગમાં આવે છે કે જેને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન વર્તે છે. સમ્યગ્દર્શન વર્તે છે અને એને જ્ઞાનધારા પણ પ્રગટી છે. પ્રત્યક્ષ છે, પ્રગટ પરિણતિ છે. એ બે વચ્ચે જે Stage નો ફેર છે એ તો ફેર છે. ભલે વિધિનો ફેર ન હોય પણ એની જે દશાનો ફેર છે એ તો ફેર છે. એની સૂક્ષ્મતા શું છે એ આ ઉત્તરમાં બતાવ્યું છે. પ્રસ્તુત વિષય એટલો છે. એ બંને Stage ની અંદર અનુભવમાં આવનારને અંદરમાં પરિણામની સૂક્ષ્મતા કઈ રીતે ચાલે છે અને કાર્ય થાય છે, એટલો વિષય અહીંયાં કહે છે. 'ગુરુદેવે' ઘણા અનુભવના સૂક્ષ્મ વિષયોને ચર્ચ્યા હતા, ઘણા ચર્ચ્યા હતા. એનો રસ હોય, એનો પ્રશ્ન કાઢે તો બધા જવાબ આવતા હતા. પણ એનો રસ હોવો જોઈએ.

**'જ્ઞાની સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થાય છે તેને આત્માનું લક્ષ તો થયું છે...'** એને આત્મા લક્ષમાં છે, પ્રગટ લક્ષમાં છે. સીધે સીધું અનુસંધાન છે. ચાલતા પરિણમનમાં એને આત્મા આઘો નથી. ખરેખર તો જ્ઞાની આત્મામાં જ ઊભા છે. પ્રવચન ચાલતું હતું ત્યારે એવું નિરૂપણ આવતું હતું કે સમ્યગ્દૃષ્ટિ ધર્માત્મા લડાઈના કાળે લડાઈમાં ઊભા નથી. ઠીક ! લડાઈમાં તો ઊભા નથી પણ લડાઈ કરવાનો જે વિકલ્પ છે એમાં પણ ઊભા નથી. સીધું ક્યાં સ્થાપ્યું છે ? કે એ આત્મામાં ઊભા છે. ક્યાં ઊભા છે? પોતાના આત્મામાં ઊભા છે. ત્યારે એમ કહેવાય છે કે ખાય છે પણ ખાતા નથી, બોલે છે પણ બોલતા નથી, ચાલે છે પણ ચાલતા નથી. એનું કારણ શું ? કે એમાં એ વિકલ્પમાં અને એ ક્રિયામાં એના અસ્તિત્વને એ વેદતા નથી. પોતાના અસ્તિત્વનું વેદન નથી એને. જેને આત્મામાં વેદન ચાલે છે એને આત્માની બહારના તત્ત્વમાં પોતાનું વેદન નથી. હોવાપણે જે વેદાય છે એ તો એનો સ્વભાવ જ વેદાય છે. પોતાના હોવાપણે પોતાનો સ્વભાવ વેદાય છે. રાગ અને સંયોગ હોવા છતાં, પોતે એમાં હોવાપણે છે એમ વેદાતું નથી. આ બહુ મોટો ફેર છે.

મુમુક્ષુ :- ચોખ્ખા દેખાય છે ને કે જ્ઞાની રણક્ષેત્રમાં ઊભા છે.

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાંથી ન જોવું એમ કહે છે. ત્યાંથી જોવું નહિ. એના વેદનને પકડતા શીખ. એના વેદનને ઓળખતા શીખ. એની અંદરની સ્થિતિ ઓળખે તો એનો પુરુષાર્થ જોઈને નમી પડે. જ્ઞાનીઓ જ્ઞાનીઓને નમ્યા છે. 'કરે કર જોડી બનારસી વંદન' ક્યાંથી કાઢ્યું ? એની દશા પહેચાનીને આ વાત છે. અંદરની દશા એના જ્ઞાનમાં આવે છે ત્યાં એને (એમ થાય છે) ઓહો..! એને નમસ્કાર થઈ જાય છે. એમ એની ઓળખાણ જુદી ચીજ છે. અહીંથી આમ કરે છે અને આમ કરે ને આમ કરે છે, એમાં ભૂલ છે કે નહિ ? એ શાસ્ત્રને સંગત છે કે નહિ ? ઢીકણું છે. તારું કામ નથી, એ તારું કામ નથી. એ જોવા જઈશ તો તું રખડી જઈશ.

એક જણે 'મુંબઈ'માં પ્રશ્ન પૂછ્યો હતો. 'શ્રીમદ્જી' ઉપર પ્રશ્ન ઊભો કર્યો હતો. 'શ્રીમદ્જી'એ આમ લખ્યું છે તો એ ક્ષયોપશમની ભૂલ ગણાય કે ન ગણાય ? એક મુમુક્ષુ હતા. આ વિકલ્પ કેમ આવે છે ? એ જ્ઞાની હતા એમ માન્યું છે ? જ્ઞાની તો હતા. જ્ઞાની હતા તો પછી એની ભૂલ જોવાનો વિકલ્પ તને કેમ થયો ? જ્ઞાનીને જ્ઞાનીપણે જોતા એના પ્રત્યે ભક્તિભાવ ઉલ્લસે. તેના બદલે એની ભૂલ જોવાના વિકલ્પમાં તને ભક્તિ ક્યાંથી આવશે ? તારી ભક્તિનું તો એમાં ખૂન થઈ જશે. ખલાસ થઈ ગઈ વાત. એટલે એ એક એવી પરિસ્થિતિ છે કે ઓળખાણના રસ્તે જાવું જોઈએ. જાણપણાના રસ્તે જવાના બદલે ઓળખાણના રસ્તે જાવું જોઈએ. એવો વિષય છે. બહુ સરસ એમાં વાત લીધી છે. ઘણી સૂક્ષ્મ વાત લ્યે છે. પ્રશ્ન ભલે જાણવાનો છે, પણ ઓળખાણના મુદ્દાથી થોડું એની અંદર પ્રયોજન છે કે ઓળખાણની

વિધિ શું છે.

'**જ્ઞાની સવિકલ્પ દ્વારા...**' એટલે જ્ઞાનીને વિકલ્પ ચાલતો હોય પછી તે દ્વારા '**નિર્વિકલ્પ થાય છે તેને આત્માનું લક્ષ તો થયું છે...**' એણે પોતાનું ઘર જોયું છે. પોતાનું સ્વરૂપ એણે જોયું છે. જોયું છે એટલે એના જ્ઞાનમાં પ્રગટ વર્તે છે કે હું આવો છું. અને એમાં અંતર્મુખ કેમ થવાય એની રીત પણ એના અનુભવમાં આવી ગઈ છે. ઘર જોયું છે અને ઘરે જવાનો રસ્તો પણ જોયો છે. બેય વાત છે. જ્ઞાનીએ નિજઘર પણ જોયું છે અને ઘરે જવાનો રસ્તો પણ ભાળ્યો છે. બેય વાત છે. એ કાંઈ અજાણ્યો નથી. જે સમ્યક્ સન્મુખ છે એ હજી અજાણ્યો છે. એટલો ફેર છે એમાં. પણ અનુભવ થાય છે બેયને એક વિધિએ, વિધિ ફરતી નથી. એમ કહેવું છે.

'**તેને આત્માનું લક્ષ તો થયું છે...**' લક્ષમાં બેય વાત આવી ગઈ. પૂર્ણતાની પૂરી ભાવના છે, શુદ્ધાત્માનો આશ્રય કરવાનો જે પ્રકાર છે એ પ્રકાર એને અનુભવગમ્ય છે અને પોતાનું આવું સ્વરૂપ છે એ એને પ્રગટપણે વર્તે છે. એના શ્રદ્ધાનમાં અને જ્ઞાનમાં એ પ્રગટ છે. જ્ઞાનીને શ્રદ્ધા-જ્ઞાનમાં આત્મા પ્રગટ છે એમ કહેવાય છે. એટલે એને લક્ષ થયું છે એમ ટૂંકામાં કહેવામાં આવે છે. આત્મા લક્ષમાં છે.

'**અને તેમાં એકાગ્રતાનો વિશેષ પુરુષાર્થ કરતાં...**' એવા શ્રદ્ધા-જ્ઞાન સહિત એકાગ્રતાનો પુરુષાર્થ વિશેષ કરતા, વિશેષ થતાં '**વિકલ્પ છૂટીને નિર્વિકલ્પ થાય છે.**' પુરુષાર્થ વધે છે ત્યારે એ પુરુષાર્થના તબક્કામાં તીવ્ર-મંદ, તીવ્ર મંદ પરિણામ થાય છે. પુરુષાર્થના પરિણામ મંદ થાય છે ત્યારે સવિકલ્પ દશા રહે છે, જ્ઞાનીને પુરુષાર્થના પરિણામ તીવ્ર થઈ આવતા નિર્વિકલ્પ દશા થઈ જાય છે. વિકલ્પ છૂટી જાય છે એટલે વિકલ્પ નવો ઉત્પન્ન થતો બંધ થાય છે. આમ તો ક્ષણે ક્ષણે વિકલ્પ છૂટે જ છે, પણ નવો વિકલ્પ ઉત્પન્ન થાય ત્યારે આગલો છૂટેલો એ છૂટેલો ખરેખર કહેવાય નહિ. એટલે નવો ન ઉત્પન્ન થાય ત્યારે એ વિકલ્પ છૂટી ગયો એમ કહેવામાં આવે છે. ત્યારે વિકલ્પ છૂટીને નિર્વિકલ્પ થાય છે.

'**સ્વસન્મુખ જીવને તો હજુ આત્માનું લક્ષ થયું નથી.**' આવું લક્ષ જે પ્રગટ વર્તે છે એ પ્રકાર છે નહિ. એ લક્ષ જુદું અને અહીંયાં જે એને સ્વસન્મુખ થઈને (આત્મા) ખ્યાલમાં આવ્યો છે એ લક્ષ જુદું. બેને એક લક્ષમાં અહીંયાં લીધા નથી. એને લક્ષ થયું નથી એમ કહ્યું. જો જ્ઞાનીને આત્માનું લક્ષ છે તો એને અનુભવ થયા પહેલા એનું એ લક્ષ નથી એમ કહેવામાં આવે છે. ખ્યાલમાં આવ્યો છે. એને લક્ષ નથી એમ કહે છે. '**સ્વસન્મુખ જીવને તો હજુ આત્માનું લક્ષ થયું નથી.**' લક્ષ થયું નથી એટલે પ્રગટ એને લક્ષમાં વર્તતો નથી. આત્મા લક્ષમાં આવ્યો નથી એટલે પ્રગટ લક્ષમાં વર્તતો નથી. ખ્યાલમાં છે. એને લક્ષ ન કહ્યું અહીંયાં. એને અહીંયાં ઓઘમાં નાખી દીધું. કેમકે પરોક્ષ છે ને? એ ખ્યાલ પરોક્ષ છે. અહીંયાં પ્રત્યક્ષ લક્ષ છે. અહીંયાં લક્ષ છે ત્યાં પ્રત્યક્ષ છે.

'**પણ જ્ઞાનમાં ઓઘે-ઓઘે (ધારણાથી) જાણ્યો છે.**' ત્યાં એને પરોક્ષ ખ્યાલ આવ્યો છે કે આવો આત્મા છે. એવો એને પરોક્ષ ખ્યાલ આવ્યો છે. પ્રત્યક્ષ થયો નથી. એવો શબ્દ વાપર્યો છે, એને પ્રત્યક્ષ થયો નથી. જ્ઞાનીને પ્રત્યક્ષ થયો છે. નિર્વિકલ્પ શુદ્ધોપયોગમાં તો પ્રત્યક્ષ થયો છે, ઉપયોગથી પ્રત્યક્ષ થયો છે અને લબ્ધમાં પ્રત્યક્ષ વર્તે છે. માટે એને લક્ષ છે એમ કહેવામાં આવે છે. લબ્ધમાં પ્રત્યક્ષ વર્તે છે. અને ત્યારે તો એને એમ કહેવાય છે કે એને શુદ્ધનયથી કેવળજ્ઞાન વર્તે છે. ઇચ્છાદશાએ કેવળજ્ઞાન વર્તે છે. ઇચ્છાદશાએ કેવળજ્ઞાન વર્તે છે, શુદ્ધનયથી એને કેવળજ્ઞાન વર્તે છે, શ્રદ્ધાએ કેવળજ્ઞાન વર્તે છે. શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર. ઇચ્છાદશાને ચારિત્રમાં લીધું છે. ઇચ્છાદશા એટલે ભાવના. જ્ઞાનનો અનુભવ છે એ

શુદ્ધનયમાં જાય છે. શુદ્ધોપયોગમાં કેવળજ્ઞાન સ્વભાવી આત્માને અતીન્દ્રિય પ્રત્યક્ષ જ્ઞાનથી વેદે છે-અનુભવ કરે છે એને કેવળજ્ઞાન શુદ્ધનયથી વર્તે છે એમ કહેવામાં આવે છે.

'શ્રીમદ્જી'એ આ શબ્દ વાપર્યા છે. શ્રદ્ધાએ કેવળજ્ઞાન વર્તે છે, શુદ્ધનયથી કેવળજ્ઞાન વર્તે છે, ઈચ્છાદશાએ કેવળજ્ઞાન વર્તે છે. શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રથી કેવળજ્ઞાન થશે એમ નહિ પણ કેવળજ્ઞાન વર્તે છે એમ લીધું છે. અંદરમાં વર્તે છે કે નહિ? વર્તવું એટલે હોવું. અહીંયાં વર્તવું એટલે કેવળજ્ઞાન પ્રગટ થયું છે એમ નહિ. પણ વર્તવું એટલે હોવું. અમને વર્તે છે એમ કહેવું છે. અમને છે એટલે અમને વર્તે છે.

શ્રદ્ધાના વિષયથી એમ જાણ્યું છે કે અમારો આત્મા કેવળજ્ઞાનથી મંડિત છે, જ્ઞાનથી પણ એમ અનુભવ કર્યો છે કે અમારો આત્મા કેવળજ્ઞાનથી મંડિત છે અને ચારિત્રમાં પણ અમારો આત્મા કેવળજ્ઞાન મંડિત છે એમ સ્થિર થઈને અનુભવ કર્યો છે. ખાલી જ્ઞાનનો વિચાર કરીને અનુભવ નથી કર્યો પણ એવા આત્મામાં સ્થિર થઈને અનુભવ કર્યો છે. એટલે ઈચ્છાદશા લઈ લીધી. ભાવના સાથે લઈ લીધી. એ ભાવનાનો પ્રકાર જુદો છે. એમાં જુદો નથી. ભાવના અને ભાવનાનો વિષય જાણે જુદો નથી એને ભાવના કહેવામાં આવે છે. એટલે વર્તે છે... વર્તે છે... વર્તે છે... એમ લીધું.

એવું સ્વસન્મુખ જીવને નથી. સ્વસન્મુખ જીવને એ પ્રકાર નથી તેથી એને લક્ષ થયું નથી, લક્ષમાં આવ્યો નથી. માત્ર એણે ખ્યાલમાં લીધો છે. પરોક્ષપણે જાણ્યો છે એટલે ધારણામાં લીધો છે એટલે એને ઓઘે ઓઘે ખ્યાલમાં લીધો છે એમ કહેવામાં આવે છે. બે જ્ઞાનમાં બહુ ફેર છે.

આમ તો સ્વસન્મુખ જીવને જેવો ખ્યાલમાં આવ્યો છે, અનુભવમાં આવે ત્યારે મેળવણી એમ થાય છે કે જેવો ખ્યાલમાં આવ્યો હતો એવો પ્રત્યક્ષ અનુભવમાં આવ્યો. જેવો પરોક્ષ ખ્યાલમાં આવ્યો હતો એવો જ પ્રત્યક્ષ અનુભવમાં આવ્યો. પણ એ ખ્યાલનું જ્ઞાન અને એ અનુભવનું જ્ઞાન, એ પ્રત્યક્ષ-પરોક્ષ વચ્ચે ઘણો આંતરો છે. એમ બતાવવું છે. બે વચ્ચે ઘણો આંતરો છે. એકમાં અનંતાનુબંધી કષાય હજી વર્તે છે, એકમાં મિથ્યાદર્શન અને અજ્ઞાન વર્તે છે અને હજી અનંત ભવભ્રમણનો છેદ થયો નથી. જ્યારે અનુભવ થતાં અનંત ભવભ્રમણનો એક જ ક્ષણમાં છેદ બોલી જાય છે. આટલી તાકાત છે એમાં. એ અતીન્દ્રિય અનુભવ થયો કે એક ક્ષણમાં એની અનંત ભવ કટિ થઈ ગઈ. એક ક્ષણના અનુભવમાં આટલી શક્તિ છે.

**'(ધારણાથી) જાણ્યો છે. પ્રત્યક્ષ થયો નથી. વિકલ્પથી આત્માનું લક્ષ ઓઘે-ઓઘે થયું છે...'** વિકલ્પથી આત્માનું લક્ષ થયું છે, પરોક્ષજ્ઞાનમાં લક્ષ થયું છે. પહેલા ઉપર કહ્યું હતું લક્ષ થયું નથી, અહીંયાં કહે કે લક્ષ થયું છે. એ થયું નથી એમાં આ પ્રકારે થયું નથી. અને થયું છે એમાં આ પ્રકારે થયું છે. એમ બંનેની મર્યાદા છે એ જાણવી જોઈએ. **'વિકલ્પથી આત્માનું લક્ષ ઓઘે-ઓઘે થયું છે તેને અંદર પુરુષાર્થ ઉગ્ર થતાં સવિકલ્પતા છૂટીને નિર્વિકલ્પતા થાય છે.'** શું કહે છે? કે જેને આત્માનું લક્ષ થયું છે એ લક્ષના સદ્ભાવમાં પુરુષાર્થની પરિણતિ ઊભી થાય, પુરુષાર્થ જાગૃત થાય તો એ પુરુષાર્થ ઉગ્ર થાય ત્યારે અનુભવ થાય. પુરુષાર્થ જાગૃત થાય અને પુરુષાર્થ ઉગ્ર થાય ત્યારે એને અનુભવ થાય. પુરુષાર્થમાં આગળ વધતા એને અનુભવ થાય છે. આટલી વાત છે. પછી જે ખ્યાલમાં આવ્યો છે એમાં તો બીજો ફેર નથી. મિથ્યાત્વ ગળતું જાય છે. મિથ્યાત્વનો જે શ્રદ્ધાનનો વિપર્યાસ છે એ ગળતો જાય છે અને પુરુષાર્થની જે દિશા છે એ ફરી ગઈ છે. લક્ષમાં આવ્યા પછી પુરુષાર્થની દિશા ફરી ગઈ છે. એથી એને સ્વસન્મુખ કહ્યો છે. અહીંયાં સ્વસન્મુખ લીધો છે ને ? એ પુરુષાર્થ જાગૃત થયો છે એ

ઉગ્રતા ધારણ કરે, Power ફાટે પુરુષાર્થનો ત્યારે એને અનાદિની ચાલતી વિકલ્પની શ્રૃંખલા તૂટી જાય. એક ક્ષણ માટે એ સાંકળનો મકોડો તૂટી જાય છે. સળંગ સાંકળ (છે). એવા વિકલ્પ ચાલે છે કે જેમ એક મકોડામાં બીજો મકોડો પરોવીને જેમ સાંકળ આખી દેખાય છે, ભિન્ન ભિન્ન મકોડો હોવા છતાં, એમ સળંગ વિકલ્પની સાંકળ છે. એ સાંકળને એકવાર એ તોડી નાખે છે. અનાદિથી ચાલતી જે વિકલ્પની સાંકળ-શ્રૃંખલા એને કહે છે, એ પહેલો છેદ બોલાવે છે. એકવાર એ તૂટી પછી વિકલ્પની જાત પણ ફરી. પછી એને અનંતાનુબંધીના વિકલ્પ નથી. ભલે લડાઈનો વિકલ્પ છે તોપણ અનંતાનુબંધીનો નથી, અશુભનો કોઈ વિકલ્પ છે તો અનંતાનુબંધીનો નથી, શુભનો વિકલ્પ છે તોપણ અનંતાનુબંધીનો નથી. અને એ શ્રૃંખલા તૂટ્યા પહેલા આત્માનો વિકલ્પ પણ અનંતાનુબંધીનો છે. આમ બેની જાતમાં ફેર છે. કહેવાય બેય વિકલ્પ.

કોઈવાર મંદિરમાં જ્ઞાની અને અજ્ઞાની બે ભક્તિ કરતા હોય છે. ભગવાનની જિનેન્દ્રની ભક્તિ કરતા હોય તો અજ્ઞાનીની ભક્તિ ઘણી દેખાય, ઠીક! રસ છે ને, રાગનો રસ છે સાથે સાથે. એવા ભક્તિરસના રસિયા હોય છે. એવી ભક્તિ દેખાય.. એવી ભક્તિ દેખાય.. કોઈને એમ લાગે કે આ જ્ઞાની કરતા તો અજ્ઞાનીની (ભક્તિ વધારે છે). આ જ્ઞાની કહેવાય છે અને આ અજ્ઞાની છે, પણ ભક્તિ તો આની સારી છે. ઠીક! ભાઈ! તને એ ભક્તિનું માપ એમ આવે એવું નથી. એ જાતફેર પરિણામ છે. એ જ્ઞાની જે જિનેન્દ્રને ઓળખે છે એ ઓલો રાગનો રસિયો એવો જિનેન્દ્રના સ્વરૂપને ઓળખતો નથી. એમ છે. એ ઓળખ્યા વિના કેટલીક ભક્તિ આવે? રાગના રસે ચડી જાય અને ગમે તેવી મન-વચન-કાયાની ચેષ્ટા થાય એટલે એની ભક્તિ વધી ગઈ છે અને આની એવી ચેષ્ટા નથી દેખાતી એટલે એની ભક્તિ ઘટી ગઈ છે એમ કાંઈ એનું માપ છે નહિ. વિશેષ...

## પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ-૨૯૩ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા.૯-૭-૧૯૮૩, પ્રવચન નં.૧૩૯ (વિષય : વિધિ)

૨૯૩ બોલ છે. આ બોલમાં મિથ્યાદૃષ્ટિ જીવ સ્વસન્મુખ થઈ અને નિર્વિકલ્પ (થાય છે) અને સમ્યગ્દૃષ્ટિ જીવ સવિકલ્પ દશા છોડીને નિર્વિકલ્પ થાય છે. એમ બંનેને નિર્વિકલ્પ થવું થાય છે. ત્યારે વિધિનો પ્રશ્ન કર્યો છે કે વિધિમાં ફેર છે ? કે વિધિ બંનેની એકસરખી છે ?

તમે કહ્યું કે વિધિ તો એકસરખી છે, પુરુષાર્થની પદ્ધતિ એકસરખી છે પણ બંનેના Stage જુદી જુદી છે. એક અનાદિ મિથ્યાદૃષ્ટિ છે અને જેને પરોક્ષ જ્ઞાનમાં આત્માનો લક્ષ થયો છે. એક સમ્યગ્દૃષ્ટિ છે કે જેને આત્મા અનુભૂત છે, અનુભૂતિમાં આવી ગયેલો છે. અનુભૂત છે એટલે અનુભૂતિમાં આવી ગયેલો છે અને પ્રત્યક્ષ એની અનુભૂતિની જ્ઞાનધારા પણ એને વર્તે છે. એટલે અત્યારે પણ એના શ્રદ્ધા-જ્ઞાનમાં પ્રગટપણે આત્મા વર્તે છે. એમ બંનેની વર્તમાન સ્થિતિમાં ઘણો ફેર છે. પરંતુ વિધિને લાગે વળગે છે ત્યાં સુધી વિધિનો પ્રકાર સરખો છે. એટલે કૌંસમાં એ વાત લીધી છે.

'**(એ રીતે નિર્વિકલ્પ થવાની વિધિનો પ્રકાર એક હોવા છતાં...)**' એ સ્પષ્ટીકરણ કર્યું છે. મૂળમાં 'ગુરુદેવ'ના શબ્દોમાં એ નથી. સ્પષ્ટીકરણ કર્યું છે. કેમકે પ્રશ્ન અહીંયાં વિધિનો છે કે '**(એ રીતે નિર્વિકલ્પ થવાની વિધિનો પ્રકાર એક હોવા છતાં જ્ઞાનીએ વેદનથી આત્મા જાણ્યો છે અને સ્વસન્મુખવાળાએ ઓઘે-ઓઘે આનંદના વેદન વિના આત્માને જાણ્યો છે.)**' જાણ્યો છે

એમ બેયમાં લીધું. ઉપર લક્ષ છે એમ બંનેમાં લીધું છે. લક્ષ પણ જ્ઞાનનો પર્યાય છે.

જ્ઞાનીને અનુભવપૂર્વક લક્ષમાં છે, પ્રગટ વેદનપૂર્વક લક્ષમાં છે અને સ્વરૂપ સન્મુખતાવાળાને માત્ર નિર્ણયથી પરોક્ષ જ્ઞાને લક્ષમાં છે. સ્પષ્ટીકરણ કરીએ તો પરોક્ષ જ્ઞાનના જાણપણામાં બે પ્રકાર છે કે કોઈ જાણે છે, શાસ્ત્ર દ્વારા આત્માનું સ્વરૂપ આ પ્રકારે છે એમ જાણે છે તોપણ લક્ષ થતું નથી. કેમકે પરલક્ષી જ્ઞાનમાં એની માહિતી મળે છે કે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી, ગુણ-ગુણી-ભેદથી, દ્રવ્ય-ગુણ-પર્યાયથી, ઉત્પાદ-વ્યય-ધ્રુવથી આત્માનું આવું જ સ્વરૂપ છે. પણ આત્માનું આવું સ્વરૂપ છે એમાં મારું આવું સ્વરૂપ છે એવું પરોક્ષ જ્ઞાનમાં પણ લક્ષ બંધાવું એ બીજી વાત છે. પરલક્ષી જ્ઞાનમાં એવું જાણવું સંભવે છે, અનેકને એવું જાણવું બને છે પણ લક્ષ ન થાય અને પરલક્ષી જ્ઞાનમાં માત્ર ધારણા થાય તો એને લક્ષ થયો એમ કહેવામાં (આવતું નથી). ઓઘે પણ એને લક્ષ નથી. ઓઘે જાણ્યો છે પણ ઓઘે લક્ષ નથી.

મુમુક્ષુ :- લક્ષમાં શું કહેવા માગે છે ?

ઉત્તર :- લક્ષ એવો વિષય છે કે જે જ્ઞાનમાંથી ખસે નહિ. એને લક્ષ કહેવામાં આવે છે.

જેમ કે એક માણસને નિર્ધારિત સ્થળે પહોંચવું છે. કે અહીંથી Station જાવું છે, એમ નિર્ધાર કર્યો, નિર્ણય કર્યો. તો ચાલીને જાય કે ગમે તે વાહનમાં જાય, સાયકલ ઉપર જાય, મોટરસાઈકલ ઉપર જાય, મોટરમાં જાય. ગમે તેટલા વાંક વળાંક બીજું-ત્રીજું આવે, ગમે તેટલો Traffic આવે, બીજા વિચાર આવે, ચાલવામાં ઉપયોગ આવે, બીજા વિચારમાં ઉપયોગ જાય છતાં જ્ઞાનમાં લક્ષ છે એ ફરતું નથી. માણસ નથી કહેતા કે અમે વાત કરતા કરતા જતા હતા છતાં ઘરે જવાના રસ્તામાં કાંઈ ભૂલા પડ્યા નથી. અહીંયાં તો એક જ વખત એનો ઉપયોગ ચાલ્યો કે અહીંથી ઘરે જવું છે. ચાલવા માંડતા દુનિયાભરના હજાર વિચાર કર્યા અને વાતો કરી પણ લક્ષ છે એટલે જે નિર્ધારિત રસ્તે છે એ જ ચાલવાનું બને છે. એનું કારણ શું ?

મુમુક્ષુ :- એ લક્ષ લબ્ધમાં આવી જાય ?

પૂજ્ય ભાઈશ્રી :- એનું લક્ષ છે એ લબ્ધમાં પણ છે અને એનો ક્યારેક ક્યારેક ઉપયોગ પણ થાય છે. બિલકુલ ઉપયોગ નથી થતો એવું પણ નથી. એનો વારંવાર ઉપયોગ થાય છે. લક્ષમાં જે ચીજ હોય છે એનો વારંવાર ઉપયોગ થાય છે. એમ લક્ષમાં આવનારને બીજા ઔદયિક ભાવો થાય છે ત્યારે તે વર્તમાન મનુષ્યોચિત પરિણામ કરે છે. મનુષ્યગતિ હોય તો મનુષ્યોચિત પરિણામ કરે છે, તિર્યંચગતિ હોય તો તિર્યંચગતિને ઉચિત એના પરિણામ થાય છે. દેવ-નારકીના હોય તો તે તે ગતિને ઉચિત થાય છે. સમ્યગ્દર્શન ચારેય ગતિમાં થાય છે ને ? તોપણ એવો હું નથી. હું તો અનંત અનંત અપરિમિત શક્તિનું દળ છું, અનંત સામર્થ્યનું સત્ત્વ એવો હું છું. એવું એનું લક્ષ છે એ મટતું નથી. વારંવાર છટકી છટકીને ઉપયોગ એના ઉપર-લક્ષના વિષય ઉપર જાય છે. રસ્તામાં બિલકુલ ઉપયોગ ન થાય એમ નથી. ક્યારેક ક્યારેક તો થાય છે. એ તો એની સૂક્ષ્મતાનો અભ્યાસ કર્યો હોય તો બધું ખ્યાલમાં આવે એવો વિષય છે. અહીંયાં તો એટલો જ વિષય છે.

મુમુક્ષુ :- પહેલા ધ્યેય બંધાવું જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- ધ્યેય વગર તો બંધાવાનો અમથો પણ પ્રશ્ન નથી. ધ્યેય નક્કી કર્યું હોય તો લક્ષ બંધાવું એ બીજો તબક્કો છે પાછો, જુદો તબક્કો છે. એ તો એક નિર્ણયમાં આવે ત્યારે છે. પણ ધ્યેય બાંધનારને શું છે કે એક દૃઢ નિશ્ચય થાય છે કે આ જ મારે સાધ્ય છે. પૂર્ણતા, પરિપૂર્ણ આત્માની નિષ્કલંક દશા, શુદ્ધ દશા, નિર્દોષ દશા એ જ મારે સાધ્ય છે. એટલે એની જે ધ્યેયના દૃઢ નિશ્ચયપૂર્વકની ભાવના અને લગનીથી પ્રતિકૂળ ભાવોમાં એને જાગૃતિ રહે છે કે આ નહિ. આ ન જોઈએ. આ કરવું નથી. કરવું છે એ બીજું છે. સાધ્ય છે એ બીજું છે, સાધવું છે તે આ નથી. એટલું છે. એમાંય જ્યારે સ્વરૂપ સન્મુખની સ્થિતિ ઊભી થાય ત્યારે આત્માની ઓળખાણ થાય, આત્માનો નિર્ણય થાય ત્યારે એ સ્વરૂપ સન્મુખની દશા ઉત્પન્ન થાય છે.

હવે જેટલા શાસ્ત્રો વાંચે છે, આત્માના પ્રતિપાદક એવા જે શાસ્ત્રો, સત્શાસ્ત્રો, જેટલા જીવો એનું અધ્યયન કરે છે, જેટલા જીવો એનો અભ્યાસ કરે છે એ બધા આત્માનો નિર્ણય તો કરે છે. કેમકે ત્યાં બુદ્ધિને Apply કરી છે. પણ જેટલાએ નિર્ણય કર્યો છે એ બધાનો નિર્ણય યથાર્થ છે અથવા લક્ષ બંધાણું છે એમ નથી. પરોક્ષની દૃષ્ટિએ બંને નિર્ણય ઓઘમાં જાય છે. પરોક્ષ છે ને? પરોક્ષ જ્ઞાનનો નિર્ણય છે. એટલે ઓઘસંજ્ઞાએ એ નિર્ણય છે. છતાં એકમાં લક્ષ છે અને એકમાં લક્ષ નથી એવી સ્થિતિ બને છે.

લક્ષવાળો સ્વરૂપ સન્મુખ થઈને પુરુષાર્થની ઉગ્રતા આવતા નિર્વિકલ્પ દશાને પ્રાપ્ત કરે છે. જેને લક્ષ નથી બંધાણું એને નિર્ણય સાચો નહિ થયો હોવાથી નિર્ણયનું જ્ઞાનબળ નહિ વર્તતું હોવાથી અને આત્મા એ નિર્ણયમાં ઓળખાયો નહિ હોવાથી એની અનન્ય રુચિ ઊપજતી નથી. સ્વરૂપ સન્મુખતાનો, રુચિનો તબક્કો શરૂ થવો જોઈએ એ ત્યાં થતો નથી. એટલે રુચિ અનુયાયી વીર્ય જે પુરુષાર્થ ઉપડવો જોઈએ એ પુરુષાર્થ ઉપડતો નથી. એ એમ ફરિયાદ કરે છે કે આત્માનો તો ખ્યાલ આવ્યો છે પણ પુરુષાર્થ નથી ઊપડતો. શું ફરિયાદ કરે છે એ ? Complaint કરે છે કે આત્માનો ખ્યાલ તો આવ્યો છે કે આત્મા આવો છે.. આત્મા આવો છે.. આત્મા આવો છે પણ હજી અમારો પુરુષાર્થ નથી ઊપડતો. પણ ભાઈ! આત્મા આવો છે એ તારો આત્મા આવો છે, હું આવો છું એમ લક્ષમાં આવ્યું નથી. આવે તો પુરુષાર્થ ઊપડ્યા વિના રહે નહિ. એમ છે.

એ સ્વરૂપ સન્મુખતાનો કાળ કોઈ લાંબો નથી. મહિનો-બે મહિના, ચાર-છ મહિનાનો છે. એને કાંઈ વર્ષો લાગતા નથી. એ પામી જાય છે. કેમકે એને પુરુષાર્થ શરૂ થયો છે. માત્ર ઉગ્રતા આવવાનો સવાલ છે. અને એ ઉગ્રતા પણ આવી જ જાય છે. કેમકે નિર્ણયમાં આવ્યો છે એ વિષય પ્રત્યક્ષ છે. એ સહજ પ્રત્યક્ષ છે. એના જ્ઞાનમાં પરોક્ષપણું છે પણ જ્ઞાનનો વિષય જ્ઞાનસ્વભાવી, સહજ પ્રત્યક્ષ જ્ઞાનસ્વભાવી આત્મા છે. એટલે એની ઉગ્રતા આવ્યા વિના રહે નહિ એમ છે.

મુમુક્ષુ :- પુરુષાર્થ ન ઉપડવાનું કારણ રુચિ નથી ?

ઉત્તર :- રુચિ નથી. રુચિ નથી એનું કારણ એને ઓળખાણ નથી. ખરી ઓળખાણ નથી.

મુમુક્ષુ :- ઓળખાણ કરી એમ તો કહીએ છીએ.

પૂજ્ય ભાઈશ્રી :- એ ઓળખાણ સાચી નથી. એ નિર્ણય નથી પણ એક કલ્પના છે. મનના સંગે રાગની મુખ્યતામાં કલ્પના થઈ છે. નિર્ણય તો જ્ઞાનની પ્રધાનતામાં, જ્ઞાનની મુખ્યતામાં જ્ઞાનના આધારે થાય છે, રાગને આધારે થતો નથી. મોક્ષમાર્ગનું કાર્ય મૂળમાં જ જ્ઞાનના આધારે થાય છે. મોક્ષમાર્ગ-વીતરાગમાર્ગનું કાર્ય મૂળમાં જ રાગના આધારે શરૂ થતું નથી. અને અનાદિનો જીવ રાગની મુખ્યતામાં, રાગની પ્રધાનતામાં વર્તે છે. રાગના આધારે જ પરિણમી રહ્યો છે. એ પડખું બદલે તો (મોક્ષમાર્ગમાં આવે).

૧૭-૧૮ ગાથાના પ્રવચનમાં 'ગુરુદેવશ્રી'એ બહુ સારી વાત કરી હતી. કુદરતી એ રવિવારે જવાનું ન થયું અને ૧૭-૧૮ ગાથા ચાલી. પછી બીજા રવિવારે ગયો એટલે અંદર ગયો એકાંતમાં. ('ગુરુદેવે' પૂછ્યું), ગયા રવિવારે નહોતા આવ્યા. કેમ ? કે ત્યારે માંદગી ને એવું બહુ હતું. વા હતા એટલે બધા લગભગ ઘરમાં માંદા હતા. (કહ્યું), આમ હતું. યાદ કર્યા હતા તમને. (મેં પૂછ્યું), શું હતું? તો કહે, ૧૭-૧૮ ગાથા બહુ સારી ચાલી. પછી એ વિષય ચાલ્યો. (મેં પૂછ્યું), ખાસ વાત શું છે એમાં?

તો કહે, જુઓ! આ ટૂંકામાં ટૂંકી વાત આટલી કરી. બહુ મુદ્દાની વાત છે આ. અનાદિનો જીવનો જ્ઞાનગુણ અને રાગગુણ... બે શક્તિ છે ને ? જ્ઞાનશક્તિ અને ચારિત્રશક્તિ. રાગની જે પર્યાય છે. તો અનાદિના જ્ઞાનગુણ અને ચારિત્રગુણ બેય પરિણમે છે. જ્ઞાન જાણવારૂપે પરિણમે છે તો ચારિત્ર રાગરૂપે પરિણમે છે. આ બે ગુણનું અનાદિનું સતત પરિણમન ચાલુ છે. છે તો અનંતા ગુણનું પરિણમન, પણ જ્યાં કાર્ય કરવું છે એમાં ઊંધું કાર્ય થાય છે એ રાગના આધારે થાય છે. એટલે એમ કહ્યું. આમ બે આંગળી કરી. આ બે ગુણ જે પરિણમે છે

એમાં 'રાગ તે હું' એમ અનાદિનું જીવનું પરિણમન છે. મિથ્યાદષ્ટિ જીવનું 'રાગ તે હું' એમ રાગનું એકત્વવાળું અનાદિનું પરિણમન છે. એ 'જ્ઞાન તે હું' એમ પડખું ફેરવે, પલટો મારે, 'જ્ઞાન તે હું' એટલે એનું કાર્ય થાય છે. આ મુદ્દો છે. લ્યો! બહુ સરસ વાત છે.

મુમુક્ષુ :- બેય કાર્ય ચાલુ છે ?

પૂજ્ય ભાઈશ્રી :- બેય ગુણ પરિણમે છે. અનંત ગુણ પરિણમે છે, એમ આ બે ગુણ પરિણમે છે પણ આ બે મુખ્ય ગુણ છે. એમાં જીવ રાગ તે હું (એમ પરિણમે છે). ધર્મના ક્ષેત્રમાં શાસ્ત્ર વાંચવાના રાગમાં 'રાગ તે હું' એમ પરિણમે ત્યાં સુધી શાસ્ત્ર ભણવાનો ગુણ નથી. અને બીજી કોઈપણ ક્રિયા કરે. જ્ઞાનની ક્રિયામાં કે ત્યાગની ક્રિયામાં, જ્ઞાન સંબંધીનો રાગ કે ત્યાગ સંબંધીનો રાગ એ 'રાગ તે હું' એની પ્રધાનતામાં પરિણમે છે ત્યાં સુધી અનાદિની એની જે પદ્ધતિ છે તે ઊંધી રીતને એણે છોડી નથી. એમાં ફેરફાર કર્યો નથી. એની એ રીતમાં એ પડ્યો છે. એમ કહેવું છે.

એણે પ્રથમ જ્ઞાનની ક્રિયામાં 'જ્ઞાન તે હું' એમ જ્ઞાનની પ્રધાનતામાં જ્ઞાનના આધારે જ્ઞાન દ્વારા, જ્ઞાનમાં જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરવો જોઈએ. તો એને સ્વરૂપ સન્મુખતા ઉત્પન્ન થાય. એટલે કે એને પરોક્ષ જ્ઞાનમાં, વિચારજ્ઞાનમાં પણ આત્માનું લક્ષ થાય અને લક્ષ થાય તો પુરુષાર્થ ઉપડે.

લક્ષના અહીંયાં બે ભેદ પાડ્યા. એક પ્રત્યક્ષ અનુભવ થયો છે એવું જ્ઞાનીનું લક્ષ અને એક જેને અનુભવ નથી થયો એવા સ્વરૂપસન્મુખ મિથ્યાદષ્ટિનું લક્ષ. બેય લક્ષવાળા છે. અને બેય લક્ષવાળા હોવાથી બેયને અનુભવ થાય છે. એકને મિથ્યાત્વ મટીને સમ્યક્ થવામાં અનુભવ થાય છે અને એકને સમ્યક્ થયા પછી વારંવાર ફરીને સ્વાનુભવ થવો એવો નિર્વિકલ્પ શુદ્ધોપયોગ પ્રગટે છે. એટલે એ રીતે બેના લક્ષમાં પરોક્ષ અને પ્રત્યક્ષતાનો ફેર હોવા છતાં બંને પુરુષાર્થની ઉગ્રતામાં સ્વાનુભવની દશાને પ્રાપ્ત કરે છે.

મુમુક્ષુ :- ૧૭-૧૮માં શું લેવું છે ?

ઉત્તર :- એ ૧૭-૧૮માં એમ શાસ્ત્રમાંથી કોઈ અહીંથી એ વાત નહોતી લીધી. કુદરતી એક સ્મૃતિ આવેલી કે આ બહુ સરસ વ્યાખ્યાન ચાલે છે અને આ રવિવારે આવે છે અને આવ્યા નથી. એટલે યાદ આવ્યા. મુદ્દાની વાત હતી. યાદ કર્યા હતા એમ કીધું એટલે એમ થયું કે કાંઈક વાત મુદ્દાની લક્ષમાં આવી છે. તો એ શું વાત ? એમાં શું વિશેષ વાત ચાલી છે ? આ છે. સાવ ટૂંકું છે. આમ પડખું ફરે એટલી જીવને વાર છે. રાગ ઉપર બેસી ગયો છે. 'રાગ તે હું' એમ બેઠેલો છે એ 'જ્ઞાન તે હું' (એમ પડખું ફેરવે). જેમ કોઈ સવારી બદલે છે. એમ એ જ્ઞાન ઉપર જીવ સવાર થાય છે, ત્યારે એને આત્મા અનુભવમાં આવે છે. અનુભવ કરાવવાની આ ગાથા છે. બહુ સારો વિષય છે. એ ૨૯૩ (બોલ પૂરો થયો).

## નવીન પ્રકાશન

પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના 'અનુભવપ્રકાશ' ગ્રંથ ઉપરના સળંગ પ્રવચનો 'અનુભવપ્રકાશના કિરણો' ભાગ-૩, 'રાજહૃદય' ભાગ-૧૬ પૂજ્ય બહેનશ્રીની આગામી જન્મજયંતિ પ્રસંગે પ્રકાશિત કરવામાં આવશે.

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (ઓગસ્ટ-૨૦૧૫)નું શુલ્ક શ્રીમતી મીતાબેન શૈલેષભાઈ દેસાઈ પરિવાર, મુંબઈ તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**



## ‘દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ’ ગ્રંથમાંથી **પરલક્ષી ક્ષયોપશમજ્ઞાન-અટકવાનું સ્થાન** તથા **દ્રવ્યલિંગીની ભૂલ** વિષયક વચનામૃતો

### પરલક્ષી ક્ષયોપશમજ્ઞાન-અટકવાનું સ્થાન

(અજ્ઞાની જીવને) જ્ઞાનનો થોડો ક્ષયપોશમ થાય અને થોડો વિકાસ પણ થતો જાય તો તેમાં જ રોકાઈ જાય છે. ‘હું થોડો સમજદાર તો છું. વળી શાંતિ પણ થોડી પહેલાંની અપેક્ષાએ વધતી જાય છે. તેથી હું આગળ વધતો જાઉં છું,’ એવો સંતોષ માનીને અટકી જાય છે. (૧૮૯)

❀

જે ક્ષયોપશમમાં બેસીને, દ્રવ્ય (આત્મા) આવો છે, આવો છે-એમ દ્રવ્યની વાતો કરી રહ્યો છે તે તો દૂર બેસીને દ્રવ્યની વાત કરી રહ્યો છે. (આત્મામાં બેસીને દ્રવ્યનું સ્વરૂપ બતાવવું યથાર્થ છે). (૩૦૩)

❀

(ઉઘાડ ઉપર જેની દૃષ્ટિ છે તેને) ક્ષયોપશમ વધતો જાય છે, તો સાથે સાથે અભિમાન પણ વધતું જાય છે. (૪૪૮)

❀

જેમ તે બાજુના પંડિતોને લાગે છે કે અમે બધું જાણીએ છીએ; તેમ વાંચનકાર થઈ જાય અને ઉઘાડ થઈ જાય તો તેમાં (લોકો) ‘અમે સમજીએ છીએ’ (એવાં અહમ્‌માં) અટકી જાય છે. તેથી તે ઉઘાડ રોકાવાનું (અટકવાનું) સાધન થઈ જાય છે. પંડિતોને સંસાર તો શાસ્ત્ર કહ્યું છે ને ! (૪૮૮)

❀

ઘણા લોકો સંસારની દુકાનદારીને છોડી શાસ્ત્રની દુકાનદારીમાં ફસાઈ ગયા. (૫૪૨)

❀

(અધ્યાત્મની) આવી વાત સાંભળવા મળી જવાથી (કેટલાક લોકોને) સંતોષ થઈ જાય છે કે બીજા લોકોને આવી વાત મળી નથી (પરંતુ) આપણને તો મળી છે ને ! -એ રીતે અધિકતા માનીને જીવ સંતુષ્ટ થઈ જાય છે. (નીચી દશાવાળાઓ તરફ દૃષ્ટિ રાખવી તે તો સ્વયંને માટે એક બહુ મોટું નુકસાનનું કારણ છે.) (૫૭૬)

### દ્રવ્યલિંગીની ભૂલ

(દ્રવ્યલિંગીની ભૂલ) દ્રવ્યલિંગી થઈને અગિયાર અંગ સુધી ભણે છે, પરંતુ ત્રિકાળી ચૈતન્યદળમાં અહંપણું કરતા નથી, તે જ ભૂલ છે, બીજી કોઈ ભૂલ નથી. (૬૦)

❀

દ્રવ્યલિંગીને ત્રિકાળી પ્રત્યે ઉત્સાહ આવતો નથી, ઉત્સાહ આવત તો ‘ત્રિકાળી’ થઈ જાત. (૮૩)

❀

પ્રશ્ન : દ્રવ્યલિંગી આટલું સ્પષ્ટ જાણીને ‘ત્રિકાળીમાં’ અહંપણું કેમ કરતા નથી ?

ઉત્તર : તેમને સુખની જરૂરત નથી. કારણ કે તેમને એક સમયની ઉઘાડ પર્યાયમાં સંતોષ છે-સુખ લાગે છે. તેથી ‘ત્રિકાળી’ને કેમ પકડે ? (જેને વર્તમાન પર્યાયમાં સંતોષ થાય છે, એનો દર્શનમોહ તીવ્ર થાય છે. અને જ્યાં સંતોષ હોય છે ત્યાં જ અટકવું થાય છે, ત્યાં દુઃખ પણ નથી લાગતું. અતઃ એવી સ્થિતિમાં ત્રિકાળી સ્વભાવ તરફ પુરુષાર્થ થતો નથી. (૧૨૧)

❀

દ્રવ્યલિંગીને વસ્તુનું માહાત્મ્ય (સાધારણ) તો આવ્યું છે. પરંતુ વસ્તુ પરોક્ષ જ રહી છે-પ્રત્યક્ષ નથી કરી. (૨૬૩)

❀

દ્રવ્યલિંગીને મંદ કષાયની મુખ્યતા છે અને દ્રવ્યની ગૌણતા છે. (વ્યવહારાભાસમાં સર્વત્ર એમ હોય છે.) (૬૨૬)

❀

દ્રવ્યલિંગી મુનિએ વીર્ય બહુ ઊંધું લગાવ્યું છે. તેવો જેટલા જોરથી ઊંધા પડ્યા છે, તેનાથી અધિક વીર્ય સમ્યક્ થવામાં લગાવવું પડશે, ત્યારે જ સમ્યક્ થશે. (૬૩૦)

## ધન્ય અવતાર

બેન વિદેહથી આવ્યાં છે. એમને તો અસંખ્ય અબજ વર્ષનું જાતિસ્મરણજ્ઞાન છે. અસંખ્ય અબજ વર્ષની વાત, કાલની આજ દેખાય તેમ દેખાય છે. ...આત્મજાતિનું જ્ઞાન થવું તે યથાર્થ જાતિસ્મરણ છે-અનંત અનંત ગુણોનો નાથ તેનું જ્ઞાન અંદરમાં હોવું તે (પરમાર્થ) જાતિસ્મરણ છે. (૫૧)

❁

તા.૧૯-૮-૮૦

બેનને ખબર નહિ કે કોઈ લખી લેશે. એમને બહાર પડવાનો જરા પણ ભાવ નહિ. ધર્મરતન છે, ભગવતી છે, ભગવતીસ્વરૂપ માતા છે. (એમનાં આ વચનો) આનંદમાંથી નીકળ્યા છે. ભાષા મીઠી આવી ગઈ છે. (૫૨)

❁

બેન અત્યાર સુધી ગુપ્ત હતાં. હવે ઢાંક્યું નહિ રહે-છાનું નહિ રહે. એમના વચનો તે ભગવાનની વાણી છે, તેમના ઘરનું કાંઈ નથી-દિવ્ય-ધ્વનિ છે. બેન તો મહાવિદેહથી આવ્યાં છે. આ વચનામૃત લોકો વાંચશે, વિચારશે, ત્યારે ખ્યાલ આવશે આ કેવું પુસ્તક છે ! એકલું માખણ છે. (૫૩)

❁

તા.૧૯-૨-૭૮

(બેનની) આ વાણી તો આત્માના અનુભવમાં-આનંદમાં રહેતાં રહેતાં આવી ગઈ છે. અમે ભગવાન પાસે પૂર્વે હતા. બહુ ઊંચી વાત છે. અત્યારે આ વાત બીજે ક્યાંય નથી. બેન (ચંપાબેન) તો સંસારથી મરી ગયા છે. અપૂર્વ વાત છે બાપુ ! (૫૪)

❁

બેનનું પુસ્તક તો એવું બહાર પડ્યું છે કે મારા હિસાબે તો બધાને ભેટ દેવું જોઈએ. બહુ સાદી-બાળક જેવી ભાષા; સંસ્કૃતભાષા નહિ. બહુ જોરદાર ગંભીર વાતો એમાં છે. (૫૫)

❁

અહાહા ! આ આવી ચીજ લોકોનાં ભાગ્યે બહાર આવી ગઈ. પોકાર કર્યો છે એમાં આત્માનો. બેનનો ફોટો છે ઉપર-ઘણો સારો; શાન્ત-શાન્ત ! (૫૬)

❁

બેન તો બેન જ છે. એના જેવું બીજું કોઈ નથી. અહીં ક્યાં અમારે કાંઈ છાનું રાખવું છે ! બેન તો અજોડ છે, અકેલા હી હૈ. અમારે ખાનગી-ગુપત છે નહિ. (૫૭)

❁


બેનના પુસ્તકમાં બહુ ટૂંકું ને માલ-માલ છે. અન્યદર્શનીઓને પણ ગમે તેવું છે. ...અરે ! એમાં તો તારી મહિમા ને મોટપની વાતો છે. મુનિઓની વાત કેવી લીધી છે ! - 'મુનિઓને બહાર આવવું એ બોજો લાગે છે.' આ પુસ્તક બહાર આવ્યું એ ઘણું જ સરસ ! અંદર થોડામાં ઘણી વાતો છે. (૫૮)

❁

બેન તો એક અદ્ભુત રતન પાક્યાં છે. શક્તિ અદ્ભુત છે. અતીન્દ્રિય આનંદના વેદનમાં એને કાંઈ પડી નથી. હિન્દુસ્તાનમાં એમના જેવો કોઈ આત્મા નથી. આ પુસ્તક બહાર પડ્યું એટલે કાંઈક ખબર પડે. (૫૯)

❁

ચંપાબેન એટલે કોણ ? ! એમનો અનુભવ, એમનું જ્ઞાન, સમતા અલૌકિક છે. ...સ્ત્રીનો દેહ આવી ગયો છે. પણ અંતરમાં અતીન્દ્રિય આનંદની લહેરમાં પડ્યાં છે; એમાંથી વાણી નીકળી છે.-આ, એમની વાણીનું પ્રમાણપણું છે. (૬૦)



## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા

**પ્રશ્ન :–** ભેદજ્ઞાનના અભ્યાસમાં હું શરીર નથી, મન નથી, વાણી નથી,–આવા વિચારો આવે છે તે પણ હું નથી. તો પછી શું કરવું ? તે સમજાવવા કૃપા કરશો.

**સમાધાન :–** અભ્યાસ તો ભેદજ્ઞાનનો જ કરવાનો છે. 'આ હું નથી, આ હું નથી' એમ કહીને પર ને વિભાવથી છોડાવવો છે. છતાં ભેદજ્ઞાનના અભ્યાસમાં ટકી ન શકાય તો શાસ્ત્ર સ્વાધ્યાય કરે, વળી પાછો ભેદજ્ઞાનનો અભ્યાસ કરે, નિરાળા રહેવાનો અભ્યાસ કરે. આ હું છું. આ હું નથી, હું તો જાણનાર છું, તેમ અભ્યાસ કરવાનો છે.

હું ચૈતન્ય શાશ્વત છું. મારો નાશ થતો નથી. હું નિર્મળ છું, પવિત્ર છું. આવો અભ્યાસ કરે તે પહેલાં વિકલ્પથી થાય,–ઉપર ઉપરથી થાય; પણ ખરું તો ઊંડાણથી કરે તે છે. ઊંડાણ પહેલાંથી આવે નહિ. અનાદિથી બહારનો અભ્યાસ છે ને અશુભમાં પડેલો છે, તેનાથી પાછો વળવા માટે વારંવાર અભ્યાસ કરે. સમજણ ન પડતી હોય તો સત્સંગ કરે, સ્વાધ્યાય કરે, શ્રવણ કરે; પણ ભેદજ્ઞાનના અભ્યાસની પાછળ જ સ્વાનુભૂતિ થવાનો પ્રસંગ આવે છે. સાચી શ્રદ્ધાપૂર્વક ભેદજ્ઞાનની ધારા પ્રગટે તો તેમાં સાચી સ્વાનુભૂતિ આવવાનો પ્રસંગ બને.

ભેદજ્ઞાન થયા વગર સાચી અનુભૂતિ થતી જ નથી. જે શરીરને જુદું ન માને, પોતે અંદર જુદું તત્ત્વ છે તેને ઓળખે નહિ અર્થાત્ જુદું તત્ત્વ છે તેને અંદરથી જુદું પાડ્યા વગર સાચી સ્વાનુભૂતિ થતી નથી. વિકલ્પ મંદ પડી જાય, એટલે શાંતિ જેવું કાંઈક લાગે, કંઈક ચમત્કાર દેખાય; પણ અંદરથી વિકલ્પ તૂટીને જે આનંદ આવે તે આવતો નથી. વિકલ્પોને રોકે, દબાવી દે, પણ અંદરથી છૂટો પડતો નથી ત્યાં સુધી સાચો આનંદ આવતો નથી. **(સ્વાનુભૂતિદર્શન–૪૭૪)**

❁

**પ્રશ્ન :–** આપ અમને દિવ્ય શક્તિશાળી મંત્ર આપો, જેના રટણથી કલ્યાણ થઈ જાય.

**સમાધાન :–** હું તો એક જ મંત્ર આપું છું. કહેવાનું એક જ છે કે, જ્ઞાયકનું કરવું. જ્ઞાયક છું–જ્ઞાયક છું તે મહામંત્ર છે. નિરંતર તેનું રટણ કરવા જેવું છે. તત્ત્વસ્વભાવથી તેને ઓળખવો તે મૂળ છે. તે ન થાય ત્યાં સુધી તેનું રટણ કરવું કે હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું. આ શરીર તે હું નથી, વિભાવની બધી પર્યાયો મારા સ્વરૂપે નથી.

હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું એમ વારંવાર તે ચૈતન્યઘર તરફ દૃષ્ટિ દેવાની છે. ત્યાં જ પરિણતિને લઈ જવાની છે. તે કરવાથી–તેના ઉપર ધ્યાન આપવાથી–વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ શુદ્ધાત્મતત્ત્વ પ્રગટ થાય છે. આ પ્રયાસ જ કરવા જેવો છે.

જીવનને ચૈતન્યમય બનાવી દેવું, તે કરવાનું છે. હું શરીરમય નથી, રાગમય નહિ, વેદનામય નથી. જે ધ્યેયથી બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લીધી તે ધ્યેય રાખવું. એક ચૈતન્યમય જ જીવન બનાવવું તે કરવાનું છે.

અંદર ચૈતન્યની સ્વાનુભૂતિ થાય તે વાત જુદી છે, પણ સ્વાનુભૂતિ ન થાય ત્યાં સુધી ભાવનામય જીવન બનાવવું. ચૈતન્ય વગર ચેન પડે નહિ એવું જીવન બનાવી દેવું. ચૈતન્યના ચિંતવન વગર, ચૈતન્યની વાર્તા વગર, ચૈતન્યના શ્રવણ વગર, ચૈતન્યના સ્વાધ્યાય વગર ક્યાંય ચેન ન પડે તેવું જીવન બનાવી દેવું. બસ, એ જ ભાવના ને એનો જ પુરુષાર્થ થાય તો સ્વાનુભૂતિ થાય. ચૈત્યદેવ પ્રગટ થાય તે તો જુદી જ વાત છે, છતાં તે ન થાય તો તેની ભાવનામય જીવન બને તે પણ સારું છે. બીજે બધેથી દૃષ્ટિ ઉઠાવીને ચૈતન્યમય જીવન બનાવવું. બહારમાં ક્યાંય રોકાવા જેવું નથી. બસ, એક ચૈતન્યમાં જ આનંદ છે, તેમાં જ જ્ઞાન છે.

એવા જ્ઞાયકદેવનું સ્મરણ કરવું, સાથે દેવ-શાસ્ત્ર-ગુરુને હૃદયમાં રાખવાં. **(સ્વાનુભૂતિદર્શન-૪૭૫)**

❀

**પ્રશ્ન :–** જ્ઞાનીને ભગવાનની ભક્તિના ભાવ આવે છે ત્યારે તેમની પરિણતિ શું કામ કરે છે ?

**સમાધાન :–** સમ્યગ્દષ્ટિ તે વખતે પણ નિરાળો જ રહે છે. ઉત્કૃષ્ટ ભક્તિ કરતો દેખાતો હોય, છતાં તે ભક્તિના ભાવમાં એકત્વ થતો નથી. તે ક્ષણે જ નિરાળો રહે છે. આ ભક્તિના રાગના વિકલ્પ આવે તે જુદા અને હું તેનાથી જુદો છું એવી ભેદજ્ઞાનની ધારા વર્તે છે. **(સ્વાનુભૂતિદર્શન-૪૭૬)**

❀

**પ્રશ્ન :–** તો તે ભક્તિના ભાવ નિષેધાત્મક છે ?

**સમાધાન :–** હા, તે સહજ નિષેધાત્મકપણે રહે છે. વ્યવહારે આદરણીય છે, દ્રવ્દષ્ટિથી (નિશ્ચયથી) નિષેધાત્મક છે. બંને ધારા સાથે ચાલે છે. જ્ઞાની દ્રવ્યદષ્ટિની મુખ્યતાએ તેનો નિષેધ કરે છે ને વ્યવહારથી આદર કરે છે. ભક્તિકાળે ભક્તિ પણ ઉત્કૃષ્ટ આવે છતાં નિષેધપણાનો ભાવ સહજ રહે છે. **(સ્વાનુભૂતિદર્શન-૪૭૭)**

❀

**પ્રશ્ન :–** ભક્તિના ભાવ વખત અમારે શું કરવું તે સમજાવો.

**સમાધાન :–** શ્રદ્ધા તો યથાર્થ જ કરવાની છે; પણ ભક્તિનો પ્રસંગ હોય ત્યારે આ ભક્તિ તે હું નથી, એવું વિચારે તો તેને ભક્તિ ઊપડવી-ભક્તિના ભાવ ઊઠવા-મુશ્કેલ પડે. કૃત્રિમ કરવા જાય તો થાય નહિ. ભક્તિના કાળે ભક્તિ કરતો જાય અને આ હું નથી, આ હું નથી એમ વિકલ્પ કરતો જાય તો તેને ભક્તિ ઉપાડવી મુશ્કેલ પડે, તેને ભક્તિ આવતી નથી. જ્ઞાનીને તો સહજ ધારા હોય છે. **(સ્વાનુભૂતિદર્શન-૪૭૮)**

❀


## કરુણાસાગર 'પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ'ની ૮૩મા જન્મ જયંતી પ્રસંગે ધાર્મિક કાર્યક્રમ

**મુમુક્ષુજીવોના પરમ તારણહાર 'પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ'ની આગામી ૮૩મી જન્મ જયંતી માગશર સુદ-૩, તા. ૧૪-૧૨-૧૫ થી માગશર સુદ-૮, તા. ૧૮-૧૨-૧૫ પર્યંત અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે. આ પ્રસંગે મંડલ વિધાન પૂજન, પૂજ્ય ભાઈશ્રીનાં ઑડિયો તથા વિડીયો સી.ડી. પ્રવચન, ભક્તિ, સત્સંગ, સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવશે. તથા તા. ૧૭-૧૨-૧૫ના દિવસે જિનેન્દ્ર રથયાત્રાનો કાર્યક્રમ રાખવામાં આવશે.**

**આ પ્રસંગે આવનાર મુમુક્ષુએ ટ્રસ્ટના કાર્યાલયમાં અગાઉથી સૂચના આપવા વિનંતી છે જેથી તેમના આવાસ તથા ભોજનની સમુચિત વ્યવસ્થા થઈ શકે.**

**કાર્યક્રમ સ્થળ : 'શ્રી શશીપ્રભુ સાધના-સ્મૃતિ મંદિર' પ્લોટ નં. ૧૯૪૨-બી, શશીપ્રભુ ચોક, રૂપાણી સર્કલ પાસે, ભાવનગર-૩૬૪૦૦૧**

**સંપર્ક : શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ, ભાવનગર-૩૬૪૦૦૧**




૪૨૭

**મુંબઈ, માહ સુદ ૯, ગુરુ, ૧૯૪૯**

**'સત્સંગનો લક્ષ અમારા આત્મા વિષે વસે છે, તથાપિ ઉદયાધીન સ્થિતિ છે અને તે એવા પરિણામે હાલ વર્તે છે કે તમ મુમુક્ષુજનનાં પત્રની પહોંચ માત્ર વિલંબેથી અપાય છે. ગમે તે સ્થિતિમાં પણ આપરાધયોગ્ય પરિણામ નથી.'**

જે મુમુક્ષુઓ જ્ઞાની પુરુષનો આશ્રય ચાહે છે, એવા મુમુક્ષુજીવોનો સત્સંગ પ્રાપ્ત થાય તે આ કાળને વિષે મહા ભાગ્યરૂપ ગણાય. તેવા સત્સંગનું લક્ષ તેઓશ્રીના આત્મા વિષે વસે છે, તો પણ બાહ્યમાં ઉદયાધીન સ્થિતિ છે; અને તે જ સમયે અંતરંગમાં સ્વરૂપ પ્રત્યયી અંતર્મુખ-પુરુષાર્થયુક્ત-ઉદાસીન ભાવરૂપ પરિણામ વર્તે છે કે જેને લીધે સત્સંગ યોગ્ય એવા મુમુક્ષુજનના પત્રની પહોંચ માત્ર લખાય છે. (વિગતવાર પ્રત્યુત્તર-વિસ્તારપૂર્વક ઉપરના કારણોથી લખી શકાતો નથી). અને તે પણ વિલંબેથી લખાય છે.

ઉપરોક્ત સ્થિતિમાં પરમાર્થવૃત્તિની મુખ્યતાને લીધે, મુમુક્ષુઓને અન્યાય થતો હોવા છતાં તે અપરાધ યોગ્ય પરિણામ નથી, તેવું સ્પષ્ટીકરણ કર્યું છે. તેનું કારણ એમ છે કે-આત્માકાર સ્થિતિ વિશેષ રહેવાથી, આ પ્રકારે વર્તવામાં નિર્દોષતા અને પવિત્રતા વિશેષ પ્રગટ થતી હોય, ત્યાં જ્ઞાનીપુરુષને વ્યાવહારિક કાર્યોનું બંધન હોય નહિ. કારણ કે એક ન્યાયે તેઓ વ્યવહારથી પર થઈ ગયા છે, તેથી તેમની બાહ્ય વર્તનામાં દેખાતો અન્યાય ખરેખર અપરાધ યોગ્ય નથી. તેમ જાણવા યોગ્ય છે.

૪૩૧

**મુંબઈ, ફાગણ સુદ ૭, ગુરુ, ૧૯૪૯**

**'અમારો અભિપ્રાય કંઈ પણ દેહ પ્રત્યે હોય તો તે માત્ર એક આત્માર્થે જ છે, અન્ય અર્થે નહીં. બીજા કોઈ પણ પદાર્થ પ્રત્યે અભિપ્રાય હોય તો તે પદાર્થ અર્થે નહીં, પણ આત્માર્થે છે. તે આત્માર્થ તે પદાર્થની પ્રાપ્તિ-અપ્રાપ્તિને વિષે હોય એમ અમને લાગતું નથી. 'આત્માપણું' એ ધ્વનિ સિવાય બીજો કોઈ ધ્વનિ કોઈ પણ પદાર્થના ગ્રહણત્યાગમાં સ્મરણજોગ નથી. અનવકાશ આત્માપણું જાણ્યા વિના, તે સ્થિતિ વિના અન્ય સર્વ ક્લેશરૂપ છે.'**

આ પત્રમાં કૃપાળુદેવે પોતાના અભિપ્રાય વિષયક સ્પષ્ટતા કરી છે. તેઓશ્રીનો અભિપ્રાય એક આત્માર્થ જ છે, પછી પ્રાસંગિક વાત તે દેહ પ્રત્યેની હોય કે બીજા કોઈ પણ પદાર્થ પ્રત્યેની હોય, પરંતુ સર્વત્ર એક આત્માર્થનો જ અભિપ્રાય છે. પોતાના આત્માર્થની સ્પષ્ટતા અનુભવદૃષ્ટિએ કરી છે કે કોઈ પણ પદાર્થની પ્રાપ્તિ-અપ્રાપ્તિ વિષે અમારો આત્માર્થ નથી. કોઈ પણ પદાર્થના ગ્રહણ-ત્યાગમાં એક આત્માપણું અર્થાત્ 'હું તો માત્ર જ્ઞાતા જ છું' એ ધ્વનિ સિવાય, બીજો કોઈ ધ્વનિ હોય તેમ અમને કે કોઈને સ્મરણ કરવા યોગ્ય નથી. અમારા પરિણમનમાં તો ઉક્ત પ્રકારે અનવકાશપણે એકલું આત્માપણું જ વર્ત્યા કરે છે. તે સ્થિતિ સિવાય, અમને તો અન્ય સર્વ ક્લેશરૂપ છે.